# ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે પ્રોત્સાહન સિમેન્ટ ક્ષેત્રમાં માગ-પુરવઠાની અસમતુલાને ઘટાડશે

## આગામી કેટલાક વર્ષમાં આ ઉદ્યોગમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રનો હિસ્સો વધવાની સંભાવના

નવી સરકાર દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રને પ્રોત્સાહન અને તેના પરિણામ સ્વરૂપે સિમેન્ટની માગમાં થનારી વૃદ્ધિ સિમેન્ટ ઉદ્યોગમાં માગ-પૂરવઠાની અસમતુલાને ઘટાડે તેવી શક્યતા છે. પાછલા ઘણા દશકથી ભારતનો સિમેન્ટ ઉદ્યોગ જરૂર કરતા વધારે ક્ષમતાની સમસ્યાનો સામનો કરી રહ્યો છે, જેના કારણે સિમેન્ટ પ્લાન્ટ્સની ક્ષમતાનો વપરાશ નીચા સ્તરે છે. હાલમાં દેશ આશરે ૩૭૫ મિલિયન ટનની સિમેન્ટ ઉત્પાદન ક્ષમતા ધરાવે છે, જેની સામે આશરે ૩૦૦ મિલિયન ટનની માગ છે. જોકે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અટકી પડેલા પ્રોજેક્ટ્સને સજીવન કરવા ઉપરના લક્ષ્યના કારણે આગામી અમુક વર્ષ દરમિયાન માગમાં ઊંચી વૃદ્ધિ સર્જાશે, જેના લીધે માગ અને પૂરવઠાની વચ્ચેનો આ તફાવત સંકોચાય તેવી શક્યતા છે.

જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ઊંચા ખર્ચના પરિણામે પરિણામે સિમેન્ટના વપરાશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રનો હિસ્સો વધવાની શક્યતા છે, જ્યારે રહેણાંક ક્ષેત્રનો હિસ્સો ઘટવાની સંભાવના છે. સીઆઈઆઈ અને એટી કિઅર્નીના 'સિમેન્ટ વિઝન ૨૦૨૫ – સ્કેલિંગ ન્યૂ હેઈટ્સ' શીર્ષક ધરાવતા એક તાજેતરના અહેવાલ અનુસાર રહેણાંક તથા વાણિજ્યિક બાંધકામ સિમેન્ટની માગને પ્રોત્સાહન આપવાનું જાળવી રાખશે. આગામી ૧૦ વર્ષના સમયગાળા દરમિયાન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણની ગતિમાં વૃદ્ધિના સ્વરૂપમાં આ ઉદ્યોગને વાસ્તવિક ઉત્તેજન મળે તેવી સંભાવના છે. સીઆઈઆઈના ઉપરોક્ત અહેવાલ અનુસાર ભારતમાં સાતત્યપૂર્ણ આર્થિક વિકાસને સંભવ બનાવવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં જીડીપીના ૯ થી ૧૨ ટકાની વચ્ચેના મૂડીરોકાણની આવશ્યકતા પડશે.

"વર્તમાન સરકારે અન્ય પહેલની સાથોસાથ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રાષ્ટ્રવ્યાપી વૃદ્ધિ તથા શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં વિવિધ હાઉસિંગ પ્રોજેક્ટ્સ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પોર્ટ્સ, માર્ગો, હવાઈમથકો તથા અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં મૂડીરોકાણને પ્રોત્સાહન આપવા માટેના ભારત સરકારના પગલાં પણ સિમેન્ટની માગને આધાર પૂરો પાડે તેવી શક્યતા છે. આ ઉદ્યોગને સ્માર્ટ સિટીઝના સિટીઝના પ્રોજેક્ટ માટેની સિમેન્ટની માગના પરિણામે પ્રોત્સાહન મળવાની પણ શક્યતા છે," તેવું સાંઘી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ડિરેક્ટર શ્રી આલોક સાંઘીએ જણાવ્યું હતું.

શ્રી સાંઘીએ ઉમેર્યું હતું કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે લાંબા ગાળાના ભંડોળની ઉપલબ્ધતામાં વૃદ્ધિ કરવાનો પ્રસ્તાવ છે, જેના લીધે સિમેન્ટ કંપનીઓને ફાયદો થવાની શક્યતા છે, જે આ ક્ષેત્રોમાં વધુ મૂડીરોકાણને સરળ બનાવે તેવી સંભાવના છે.



"ભારત કેવળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચ મારફત જ પોતાનો સિમેન્ટનો માથાદીઠ વપરાશ વધારી શકે છે. ભારતમાં માથાદીઠ વપરાશ આશરે ૧૯૦ કિ.ગ્રા.ના નીચાં સ્તરે છે, જેની સામે બ્રાઝિલમાં આ આંકડો ૩૫૦ કિ.ગ્રા.નો અને ચીનમાં ૧,૫૦૦ કિ.ગ્રા.નો છે," તેવું શ્રી સાંઘીએ જણાવ્યું હતું.